## હાર્દિક નિમંત્રણ

### શ્રીહરસાનીજી બાલ-યુવા સન્માન પારિતોષિક સ્પર્ધાઓ : ૨૦૦૬

# પુરસ્કાર વિતરણ સમારંભ

**મંગલ ઉપસ્થિતિ અને આશીર્વાદપ્રદાન**

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી મહોદયા (સુરત-વડોદરા)

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી-વડોદરા)

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ અને 'બાલપુષ્ટિ' તરફથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન તા. ૩-૧૨-૨૦૦૬ને રવિવારના રોજ અમદાવાદ મુકામે કરવામાં આવ્યું છે. સ્પર્ધાઓનું ઉદ્‌ઘાટન સવારે ૮-૦૦ કલાકે થશે. દિવસભર સ્પર્ધાઓ યોજાયા બાદ સાંજે ૪-૦૦ કલાકે, બધી સ્પર્ધાઓમાં વિજેતા થયેલ સ્પર્ધકોને પુરસ્કાર અને પ્રમાણપત્ર વિતરણ કરવાનો સમારંભ યોજાશે.

આ સમારંભમાં ઉપસ્થિત રહેવા સૌ વૈષ્ણવોને હાર્દિક નિમંત્રણ છે. આપ સૌ સમારંભમાં ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહને વધારશો તેવી વિનંતી છે.

**શુભ સ્થળ**

શ્રીવલ્લભ સદન, વેપારી મહામંડળ સામે, આશ્રમ રોડ, અમદાવાદ.

**તારીખ**

૩ ડિસેમ્બર, ૨૦૦૬ : રવિવાર

**સમય**

સ્પર્ધાઓનું ઉદ્‌ઘાટન : સવારે ૮-૦૦ કલાકે

પુરસ્કાર વિતરણ સમારંભ : સાંજે ૪-૦૦ કલાકે

**નિમંત્રક**

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

---

નોંધ : ઈ.સ. ૨૦૦૫-૦૬માં ધો. ૧૦ અને ૧૨માં વૈષ્ણવ બાળકોમાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર બાળકોને શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિ પારિતોષિક પણ આ સમારંભમાં એનાયત થશે.

---

॥ શ્રીબાલકૃષ્ણપ્રભુ વિજયતે ॥
॥ શ્રીકલ્યાણરાયો જયતિ ॥
॥ શ્રીમુકુંદરાયો જયતિ ॥

# બાલપુષ્ટિ

[વર્ષ ૨૦૦૬-૨૦૦૭ નું ભેટપુસ્તક]

વર્ષ-૧૨ ● અંક-૮ ● નવેમ્બર-૨૦૦૬ ● સળંગ અંક-૧૪૦

## ● ષષ્ઠગૃહ નિધિસ્વરૂપો ●

**શ્રીબાલકૃષ્ણલાલજી ● શ્રીકલ્યાણરાયજી**
**શ્રીમુકુંદરાયજી**

તંત્રી / સંકલન
વસંતબહેન ર. પરીખ

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

# શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

[ટ્રસ્ટ રજિ. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા.૩૧-૧-૮૭]

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-48/2004-2005 : Valid up to 31-3-2008]

Visit us at
**www.vaishnavparivar.org**

**ચિત્રો**
**શ્રી વિમળાબેન ભાટીયા**
**અને**
**શ્રી શ્યામસુંદર પુરોહિત**

## આટલું જાણી લો

૧. દરેક મહિનાની ૧૫મી તારીખથી ૨૦મી તારીખ સુધીમાં અંક પોસ્ટ થશે.
૨. લવાજમ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. ત્યારબાદ કોઈ સંજોગોમાં સ્વીકારાતું નથી.
૩. તમારો પાવતી નંબર એ જ ગ્રાહક નંબર છે. તે ખાસ નોંધી રાખો. પત્રવ્યવહારમાં તેનો ખાસ ઉલ્લેખ કરવો.
૪. પત્રવ્યવહાર કરો ત્યારે પૂરું નામ-સરનામું અને ગ્રાહક નંબર ખાસ લખવાં.
૫. અંક ન મળ્યાની ફરિયાદ જે-તે મહિનાની છેલ્લી તારીખે જ કરવી. ફોરેનના ગ્રાહકોએ બીજા મહિના-ની પંદરમી તારીખ સુધી રાહ જોવી.
૬. બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે કરવો.
૭. આજીવન લવાજમ સ્વીકારાતું નથી.

**મહેસાણા કાર્યાલય**
**શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા.
ફોન: (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

**મુંબઈ કાર્યાલય**
**શ્રી વિજયભાઈ એમ. દેસાઈ**
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ફોન : (ઓ.) ૨૨૦૬૦૮૫૮,૨૨૦૧૦૦૮૪
(રહે.) ૨૩૬૯૩૮૨૧
ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

**અંધેરી કાર્યાલય**
**શ્રી વિનયભાઈ મહેતા**
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન,
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ.
[ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]

**અમેરિકા સંપર્ક કેન્દ્ર**
**Shri Navnitbhai C. Shah**
3, Christy Lane, OCEAN,
**NJ - 07712-2604 U.S.A.**
[**Tel.**-732-493-9096]

●

**Shri Rajendra K. Patel**
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 269-323-1880

---

# અનુક્રમણિકા

| અ. નં. | પ્રકરણ | પાન નંબર |
|---|---|---|

### શ્રીબાલકૃષ્ણલાલજી

| અ. નં. | પ્રકરણ | પાન નંબર |
|---|---|---|
| ૧. | સ્વરૂપ પરિચય | ૫ |
| ૨. | ઠોરની ખેંચાખેંચી | ૫ |
| ૩. | લીલાભાવના અને સ્વરૂપભાવના | ૭ |
| ૪. | શ્રીયદુનાથજી | ૧૦ |
| ૫. | શ્રીબાલકૃષ્ણલાલજી ગોકુળથી સુરત પધાર્યા | ૧૩ |
| ૬. | શ્રીબાલકૃષ્ણાષ્ટકમ્ | ૧૭ |

### શ્રીકલ્યાણરાયજી

| અ. નં. | પ્રકરણ | પાન નંબર |
|---|---|---|
| ૭. | પ્રાકટ્ય અને દેવી તરીકે સ્થાપના | ૨૧ |
| ૮. | કલ્યાણી દેવીમાંથી કલ્યાણરાય પ્રભુ | ૨૩ |
| ૯. | શ્રીકલ્યાણરાયજીની કૃપા | ૨૬ |
| ૧૦. | શ્રીકલ્યાણરાયજી - કડા થી વડોદરા | ૨૯ |
| ૧૧. | સ્વરૂપભાવના-લીલાભાવના | ૩૧ |
| ૧૨. | શ્રીકલ્યાણરાયાષ્ટકમ્ | ૩૩ |

### શ્રીમુકુંદરાયજી

| અ. નં. | પ્રકરણ | પાન નંબર |
|---|---|---|
| ૧૩. | પ્રાકટ્ય | ૩૭ |
| ૧૪. | શ્રીમુકુંદરાયજી નાથદ્વારાથી કાશી પધાર્યા | ૪૧ |
| ૧૫. | શ્રીગોપાલલાલજી | ૪૪ |



શ્રીબાલકૃષ્ણલાલજી

॥ શ્રીવલ્લભઃ ॥

॥ શ્રીબાલકૃષ્ણપ્રભુ વિજયતે ॥

# શ્રીબાલકૃષ્ણલાલજી

## ૧. સ્વરૂપ પરિચય

**નમામિ શ્રીબાલકૃષ્ણં યશોદોત્સંગલાલિતમ્ ।**
**પૂતનાસુપયઃપાન-રક્ષિતાડશેષબાલકમ્ ॥**

માતા યશોદાજીના ખોળામાં ખેલતા અને પૂતનાનું દૂધ પીને વ્રજનાં સર્વ બાળકોનું રક્ષણ કરતા શ્રીબાલકૃષ્ણલાલજીને હું નમન કરું છું.

પ્રાકટ્ય :

શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજતા હતા ત્યારે દરરોજ સવારે શ્રીયમુનાજીમાં સ્નાન કરવા પધારતા. એક દિવસ તેઓ સ્નાન કરીને જળમાંથી બહાર પધાર્યા ત્યારે તેમની જનોઈમાં વીંટળાઈને એક અત્યંત નાનકડું સુંદર સ્વરૂપ પણ બહાર પધાર્યું. એ સ્વરૂપ તે શ્રીબાલકૃષ્ણલાલજી.

## ૨. ઠોરની ખેંચાખેંચી

તે સમયે શ્રીમહાપ્રભુજીના દ્વિતીય લાલજી શ્રીવિઠ્ઠલનાથજીની ઉંમર પાંચ-છ વર્ષની હશે. તેઓ રોજ શ્રીમહાપ્રભુજીને કહેતાઃ મારે ઠાકોરજીની સેવા કરવી છે. મને કોઈ સુંદર સ્વરૂપ આપો.'

શ્રીમહાપ્રભુજીએ ઘેર આવીને આ બાલકૃષ્ણલાલજીનું નાનકડું સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવી આપ્યું. કહ્યું : 'લો, આ તમારા શ્રીઠાકોરજી. તમે એમની સેવા કરજો અને એમની સાથે ખેલજો.'



શ્રીગુસાંઈજી અને શ્રીબાલકૃષ્ણલાલજી ઠોરની ખેંચાખેંચી કરી રહ્યા છે.

શ્રીવિઠ્ઠલનાથજી દરરોજ તેમની સેવા કરે છે. તેમનાં માતુશ્રી ભોગ ધરવા માટે રોજ એક ઠોર આપે છે. તેનો ભોગ ધરે છે. પછી પોતે પ્રસાદ તરીકે એ ઠોર આરોગે છે.

એક દિવસ શ્રીબાલકૃષ્ણલાલજીને ભોગ ધરવા માટે માતુશ્રીએ એક ઠોર આપ્યું. નાનકડા વિઠ્ઠલનાથજીને તેનો ભોગ ધર્યો.

ત્યાં તો એક નવાઈની વાત બની. બાલકૃષ્ણલાલજીના સ્વરૂપમાંથી સાક્ષાત્ બાલકૃષ્ણ પ્રગટ થયા. ભોગ ધરેલું ઠોર શ્રીહસ્તમાં લઈ આરોગવા લાગ્યા.

બાલસ્વરૂપ વિઠ્ઠલનાથજીએ વિચાર કર્યો કે શ્રીઠાકોરજી આખું ઠોર આરોગી જશે તો મારે માટે પ્રસાદ તરીકે કાંઈ બચશે નહિ! તેમણે શ્રીઠાકોરજીના હાથમાંથી ઠોર ખેંચવા માંડ્યું. બંને વચ્ચે ઠોરની ખેંચાખેંચી થઈ. અવાજ સાંભળી શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા. આ બાળલીલાનાં દર્શન કરતાં ખૂબ પ્રસન્ન થયા.

આપે શ્રીવિઠ્ઠલનાથજીને પોતાના ખોળામાં બેસાડી પ્રેમથી સમજાવ્યું: જુઓ, લાલનને આપણે ભોગ ધરીએ તે બધું તેઓ આરોગે તોય કદી ખૂટે નહિ. માટે ચિંતા કરવી નહિ. શ્રીઠાકોરજી ભલે આરોગતા. શ્રીઠાકોરજી આખું ઠોર આરોગી જશે અને તમારા માટે પ્રસાદ તરીકે કાંઈ નહિ રહે તો હું તમને બીજો પ્રસાદ આપીશ. પણ શ્રીઠાકોરજી પાસેથી આમ કશું ખેંચી લેવાય નહિ. એમને તમે નહિ પહોંચો. હું તમને આવતી કાલથી ભોગ ધરવા માટે બે ઠોર અપાવીશ.

તે દિવસથી માતુશ્રીએ શ્રીવિઠ્ઠલનાથજીને બે ઠોર આપવા માંડ્યા. બંને સ્વરૂપો આનંદથી એકબીજા સાથે ખેલવા લાગ્યા.

## ૩. લીલાભાવના અને સ્વરૂપભાવના

એક દિવસ શ્રીવિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને પૂછ્યું: 'પિતાજી, મારા આ શ્રીઠાકોરજીનું નામ 'બાલકૃષ્ણલાલજી' કેમ પાડ્યું છે?'

આપશ્રીએ સમજાવ્યું: 'કૃષ્ણ સ્વરૂપે ગોકુળમાં પ્રગટ થઈ, બાલલીલા કરી જેમણે વ્રજભક્તોને આનંદ આપ્યો તે આ સ્વરૂપ છે. માટે તેમને આપણે બાલકૃષ્ણલાલજી કહીએ છીએ.

'પિતાજી, પ્રભુએ આ સ્વરૂપે ગોકુળમાં કંઈ બાળલીલા કરેલી?'

'પ્રભુએ આ સ્વરૂપે ત્રણ લીલા કરી છે. પૂતનાવધ, શકટભંજન લીલા અને તૃણાવર્તવધ.' શ્રીવલ્લભે સમજાવ્યું.

'પિતાજી, બાલકૃષ્ણે કરેલી આ લીલા સમજાવોને!'

'શ્રીકૃષ્ણ છ દિવસના હતા ત્યારની વાત છે. કંસે પૂતના નામની એક રાક્ષસીને ગોકુળ મોકલી. તેણે કહ્યું કે દેવકીની પુત્રી માયાએ કહ્યું છે કે તને મારનારો તો ગોકુળમાં જન્મી ચૂક્યો છે. માટે તું ગોકુળ જા અને ત્યાં જેટલાં બાળકો જન્મ્યાં હોય તે બધાંને મારી નાખ.

પૂતના સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરીને ગોકુળ આવી. જે ઘરમાં નાનું બાળક જુએ તેને પોતાનું દૂધ પીવડાવે. પોતાના સ્તન ઉપર ઝેર લગાડીને આવી હોવાથી દૂધ પીતાં પીતાં જ બાળક ઝેરની અસરથી મૃત્યુ પામે. બાળકને પાછું ઘોડિયામાં સુવાડી પૂતના આગળ ચાલે. આમ બધાં બાળકોને મારતી મારતી પૂતના નંદાલયમાં આવી. ત્યાં સામે યશોદામા મળ્યાં. કહે છે : 'મા, મેં સાંભળ્યું છે, તમારે ત્યાં પુત્રજન્મ થયો છે. હું તમારા લાલાને રમાડવા આવી છું.'

'બહેન, તું કોણ છે? મેં તને ઓળખી નહિ.' યશોદામા પૂછે છે.

'મા, હું મથુરાથી આવું છું. લાલાનાં દર્શન કરવા આવી છું.'

'બહેન, લાલો તો હમણાં જ દૂધ પીને સૂઈ ગયો છે. તું થોડીવાર બેસ. એ જાગે એટલે રમાડજે.'

'ભલે.'

મા ઘરના કામમાં ગૂંથાયા. પૂતના સીધી લાલનના પલના પાસે પહોંચી ગઈ. જ્યાં શ્રીબાલકૃષ્ણલાલ પોઢ્યા હતા ત્યાં જઈને ઊભી રહી. કૃષ્ણ તો આંખો બંધ કરીને પોઢ્યા હતા છતાં પૂતનાને ઓળખી ગયા. પૂતનાએ તેમને પલનામાંથી ઊંચકી લીધા અને ખોળામાં લઈ પોતાનું દૂધ પીવડાવવા લાગી. દૂધની સાથે પ્રભુએ તેના પ્રાણ પણ ચૂસી લીધા. અને તેનો આ રીતે વધ થતાં ગોકુળનાં બીજાં બાળકો બચી ગયાં. પ્રભુએ તેમનું રક્ષણ કર્યું

બાલકૃષ્ણ ત્રણ મહિનાના થયા. એક દિવસ યશોદાજીએ તેમને આંગણામાં પડેલા ગાડા નીચે સૂવડાવ્યા. ગાડું દૂધ-દહીંના માટલાથી ભરેલું હતું. મા તો લાલાને સૂવડાવીને ઘરના કામમાં રોકાઈ ગયાં. મા પોતાને આ રીતે ભૂલી જાય અને ઘરના કામમાં રોકાઈ જાય તે આપણા શ્યામસુંદરલાલને ગમ્યું નહિ. તેમણે પગની લાત મારીને ગાડું ઊંધુ પાડી દીધું. ગાડું તૂટી ગયું. દૂધ-દહીં ઢોળાઈ ગયાં. અવાજ સાંભળી મા દોડતાં આવ્યાં. બાલકૃષ્ણને ઊંચકી લીધા. પ્રભુની આ શકટભંજનલીલા. શકટાસુર નામનો અસુર ગાડાનું રૂપ લઈને આવેલો. પ્રભુએ તેનો આ રીતે સંહાર કર્યો.

બાલકૃષ્ણજી હવે થોડા મોટા થયા છે. તૃણાવર્ત નામનો એક મોટો રાક્ષસ વંટોળિયો બનીને વ્રજમાં આવ્યો. નંદભવનના આંગણામાં યશોદામાના ખોળામાં બેઠેલા બાલકૃષ્ણને ઊંચકીને અધ્ધર આકાશમાં લઈ ગયો. તેનો વિચાર હતો : 'ઊંચે લઈ જઈ કૃષ્ણને નીચે ફેંકીશ.' બાલકૃષ્ણજી વિચારે છે : 'આ ભલે મને લઈ જતો. એને હું પૂરો કરીશ.' ભગવાન એ તૃણાવર્તને ગળે લટકી પડ્યા. પછી એને જોરથી નીચે પછાડ્યો. તેના પ્રાણ નીકળી ગયા. આમ તૃણાવર્તનો વધ કરી પ્રભુએ વ્રજવાસીઓનું રક્ષણ કર્યું.

બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ આ ત્રણે લીલાનું સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના તામસ પ્રમાણ પ્રકરણના સાતમા અધ્યાયમાં આ ત્રણે લીલાઓ વર્ણવાયેલી છે.

### સ્વરૂપભાવના :

આ સ્વરૂપ અત્યંત નાનકડું ગૌર સ્વરૂપ છે. જમણા શ્રીહસ્તમાં માખણનો લાડુ છે. ડાબો શ્રીહસ્ત જમીન પર ટેકવેલો છે. જમણો ચરણ ઘૂંટણમાંથી ઊંચો છે. ડાબો ચરણ પાછળ વાળેલો છે. નેત્રોમાં અંજન છે. શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપ સાથે ઘણું સામ્ય છે.

બાળલીલાનું આ સ્વરૂપ છે. નંદાલયમાં ઘૂંટણિયાં તાણે છે. બાલલીલાથી સૌને સુખ આપી તેમનો નિરોધ કરે છે. આ સ્વરૂપની સ્વરૂપ અને લીલા ભાવના શ્રીદ્વારકેશજીએ એક પદમાં વર્ણવી છે.

**નંદકે આંગન ક્રીડત સુખરૂપ ।**
**દ્વિભુજ ગૌર માખન કર લીને, ઘુટુરન ચલત અનૂપ ॥૧॥**
**વ્રજજુવતીન પ્રતિબંધ નેક નહીં, સબ દેખત ઉર ભાવે ।**
**'દ્વારકેસ' પ્રભુકો લૈ ગોપી તનકે તાપ સમાવે ॥૨॥**

## ૪. શ્રીયદુનાથજી

શ્રીયદુનાથજી શ્રીગુસાંઈજીના છઠ્ઠા પુત્ર હતા. તેમનું પ્રાગટ્ય સંવત ૧૬૧૫માં ચૈત્ર સુદ છઠના મંગલ દિવસે અડેલમાં થયું હતું. તે સમયે શ્રીગુસાંઈજી અડેલમાં બિરાજતા હતા. તેમનું નામ શ્રીયદુનાથજી રાખવામાં આવેલું, પણ ઘરમાં સૌ તેમને મહારાજ કહી બોલાવતા.

તેમને બાળપણથી જ શાસ્ત્રોના અધ્યયનમાં ખૂબ રૂચિ હતી. અનેક શાસ્ત્રો અને સાંપ્રદાયિક ગ્રંથોનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. સાથે સાથે આપે આયુર્વેદનો પણ અભ્યાસ કર્યો હતો. તેઓ માનતા હતા કે દેહ સ્વસ્થ હોય તો પ્રભુની સેવા સારી રીતે થઈ શકે. તેઓ હંમેશા મંદિરમાં મંદિરવસ્ત્ર કરવાની સેવા કરતા.

પંદર વર્ષની વયે ગોકુળમાં શ્રીમહારાણી વહુજી સાથે તેમનું લગ્ન થયું. તેમને ત્યાં પાંચ પુત્રો અને એક પુત્રીનું પ્રાગટ્ય થયું. તેમનાં નામ શ્રીમધુસૂદનજી, શ્રીરામચંદ્રજી, શ્રીજગન્નાથજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોપીનાથજી હતાં તેમજ પુત્રીનું નામ શ્રીદમયંતીજી હતું.

શ્રીગુસાંઈજીએ શ્રીયદુનાથજીને સેવા માટે શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. પોતાના મોટા ભાઈ શ્રીબાલકૃષ્ણજીના સેવ્ય સ્વરૂપ શ્રીદ્વારિકાધીશજી સાથે શ્રીબાલકૃષ્ણલાલજીને પધરાવી બંને ભાઈ સાથે બંને સ્વરૂપોની સેવા કરતા હતા.


શ્રીયદુનાથજી



શ્રીબાલકૃષ્ણલાલજી અને શ્રીયદુનાથજી શ્રીદ્વારિકાધીશજી અને શ્રીબાલકૃષ્ણલાલજીને સાથે પધરાવી સેવા કરી રહ્યા છે.

સંવત ૧૬૫૮માં શ્રીયદુનાથજી ગુજરાત પધાર્યા હતા. નર્મદા નદીને કિનારે ચાણોદ ગામમાં બિરાજ્યા હતા. અહીં બિરાજીને આપે 'શ્રીવલ્લભ દિગ્વિજય' નામનો ગ્રંથ પૂર્ણ કર્યો હતો. શ્રીવલ્લભના ચરિત્રનું વર્ણન કરતો આ સૌથી પ્રાચીન ગ્રંથ ગણાય છે.

સં. ૧૬૬૦માં ૪૫ વર્ષની નાની વયે તેમણે લીલાપ્રવેશ કર્યો.

**યદુનાથમહંવંદે બાલકૃષ્ણ પદાશ્રયમ્ ।**
**રુક્મિણી હૃદયાનંદદાયકમ્ ભક્તવત્સલમ્ ॥**

શ્રીબાલકૃષ્ણલાલજીના ચરણકમલના આશ્રયવાળા, માતા રુક્મિણીજીના હૃદયને આનંદ આપનારા, ભક્તવત્સલ એવા શ્રીયદુનાથજીને હું વંદન કરું છું.

## ૫. શ્રીબાલકૃષ્ણલાલજી ગોકુળથી સુરત પધાર્યા

આ શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ ઘણા વર્ષો સુધી શ્રીવિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજી પાસે ગોકુળમાં બિરાજ્યું. ત્યારપછી જ્યારે શ્રીગુસાંઈજીએ પોતાના સાત પુત્રોને સાત સ્વરૂપ પધરાવી આપ્યા ત્યારે છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજીને આ સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું.

શ્રીયદુનાથજી અને તેમના મોટાભાઈ-શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી-શ્રીબાલકૃષ્ણજીને પરસ્પર ગાઢ સ્નેહ હતો. બંને ભાઈ સાથે રહેતા હતા અને સેવા કરતા હતા. તેથી શ્રીબાલકૃષ્ણજીના ઠાકોરજી શ્રીદ્વારિકાધીશજી અને શ્રીયદુનાથજીના ઠાકોરજી શ્રીબાલકૃષ્ણલાલજી ગોકુળમાં ઘણા વર્ષો સુધી સાથે બિરાજ્યા અને બંને ભાઈઓએ સાથે સેવા કરી. બંને ભાઈઓ જ્યાં સુધી ભૂતલ ઉપર બિરાજ્યા ત્યાં સુધી તો બે સ્વરૂપ સાથે જ બિરાજ્યા.

પરંતુ સમય જતાં બંનેના લાલજી - શ્રીદ્વારિકેશજી અને શ્રીમધુસૂદનજી - જુદા થયા, ત્યારે શ્રીબાલકૃષ્ણલાલજીને શ્રીમધુસૂદનજીએ પોતાના ઘરે પધરાવ્યા. એકાદ વર્ષ સેવા કરી અને ફરી પાછા ઠાકોરજીની ઈચ્છા જાણી શ્રીદ્વારિકાધીશજી પાસે પધરાવ્યા. ફરી બંને સ્વરૂપ ગોકુળમાં સાથે બિરાજ્યા.



શ્રી વ્રજરાયજી મહારાજ પલનામાંથી શ્રીબાલકૃષ્ણલાલજીને પધરાવી લે છે.



શ્રી પુરુષોત્તમજી મહારાજ શ્રીબાલકૃષ્ણલાલજીને
આસોટિયાથી સુરત પધરાવી લાવે છે.

થોડા સમય પછી સંજોગવશાત્ શ્રીદ્વારિકાધીશજી અમદાવાદ પધાર્યા ત્યારે શ્રીબાલકૃષ્ણલાલજી પણ આપની સાથે અમદાવાદ પધાર્યા અને ત્યાં બિરાજ્યા. અમદાવાદમાં એક દિવસ શ્રીગંગાબેટીજી, શ્રીજાનકી વહુજી અને શ્રીવ્રજભૂષણજી મહારાજ વગેરે બાળકો બાલકૃષ્ણલાલજીને પલને ઝૂલાવતા હતા ત્યારે શ્રીવ્રજરાયજી મહારાજે આપને પલનામાંથી પધરાવી લીધા અને તેમને લઈને સુરત પધાર્યા. આમ શ્રીબાલકૃષ્ણજી ગોકુળથી અમદાવાદ થઈ સુરત પધાર્યા. સુરતમાં મોટું મંદિર સિદ્ધ કરાવી તેમાં બિરાજ્યા.

શ્રીદ્વારિકાધીશજી અમદાવાદથી આસોટિયા પધાર્યા. થોડા સમય પછી શ્રીબાલકૃષ્ણલાલજી પણ આસોટિયા શ્રીદ્વારિકાધીશજી પાસે પધાર્યા અને લગભગ દોઢ વર્ષ સુધી બિરાજ્યા. પછી શ્રીપુરુષોત્તમજી મહારાજ એમને પાછા સુરત પધરાવી લાવ્યા. આ પછી શ્રીબાલકૃષ્ણલાલજી સુરતમાં જ બિરાજે છે. નિ.લી.પૂ.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીએ આપને ખૂબ લાડ લડાવી વર્ષો સુધી સેવા કરી. હાલમાં પૂ.ગો. ૧૦૮ શ્રી ગોપેશરાયજી મહારાજશ્રી, પૂ. ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી તથા પૂ. ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી તેમની સેવા પ્રેમપૂર્વક કરી રહ્યા છે.

આમ શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા શ્રીગુસાંઈજીના ઘરમાં જ થઈ. કોઈ વૈષ્ણવને માથે પધાર્યા નથી. મિત્રો, સુરત જાઓ તો તેમનાં દર્શન કરવા જરૂર જજો.

આવા શ્રીબાલકૃષ્ણ પ્રભુને આપણાં કોટિ કોટિ વંદન સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

● સરનામું ●

શ્રીબાલકૃષ્ણલાલજી મંદિર,
મોટું મંદિર, ચૌટા બજાર, સુરત.

## ૬. શ્રીબાલકૃષ્ણાષ્ટકમ્

રચના : ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (સૂરત)

મુદા નંદરાયાંગણે રિંગમાણં
કરપ્રોલ્લવસદ્દિવ્ય હૈયંગવીનમ્ ।
યશોદાંક સંલાલિતં નંદસૂનું
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૧॥

નંદરાયજીના આંગણે આનંદથી ઘૂંટણિયે ચાલતા, શ્રીહસ્તમાં શોભતા દિવ્ય માખણના પેંડાવાળા, યશોદાજીની ગોદમાં લાલનપાલન કરાતા નંદરાયજીના પુત્ર, શ્યામસુંદર, રસાળ, શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૧)

વિધીશાદિદેવૈઃ સદા સ્તૂયમાનં
સકૃદ્દેહલીલંઘને ચાપ્યશક્તમ્ ।
વ્રજે ગોપગોગોપિકાભાવમગ્નં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૨॥

બ્રહ્મા, શિવ વગેરે દેવોથી સદા સ્તુતિ કરાયેલા, છતાં એકવાર પણ ઘરનો ઉંબરો ઓળંગી ન શકનારા, વ્રજમાં રહેનાર ગોપ, ગાય, ગોપીઓના ભાવમાં મગ્ન શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૨)

સુરેખાંજનં નેત્રગં મુગ્ધભાવાત્
કપોલદેશેડસકૃત્પ્રોંછયન્તમ્ ।
ક્વચિચ્છ્રીમુખે લિપ્ત હૈયંગવીનં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૩॥

આંખમાં અંજાયેલ સુરેખ અંજનને મુગ્ધ ભાવથી બંને હસ્તથી ગાલ પર લૂછી નાખનારા, ક્યારેક મુખ પર માખણ લપેટી દેતા શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૩)

પદાંગુષ્ઠમાચૂષયન્તં તુ ગોપ્યૈ
કટાક્ષેક્ષણેનેંગિત સ્વીય ભાવમ્ ।
રસેશં રસાલૈકલીલાનિધાનં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૪॥

ચરણારવિંદનો અંગૂઠો ચૂસતાં ગોપીજનો તરફ કટાક્ષ દૃષ્ટિ કરી પોતાના રસાત્મક ભાવોનું સૂચન કરતા, કેવળ રસાત્મકલીલાઓના નિધિ એવા રસેશ, શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૪)

સ્ફુરદ્ બર્હપિચ્છં લસત્કંઠગુંજં
ચલત્કુંતલં પીતચૈલં દધાનમ્ ।
રણત્કિંકિણી નૂપુરં ગોપવેશં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૫॥

મસ્તકે ફરકતા મોરપિચ્છવાળા, કંઠમાં શોભતી ગુંજામાળાવાળા, ઊડતા વાંકડિયા કેશવાળા, પીતાંબરધારી, કંદોરાની ઘૂઘરીઓ અને નૂપુર રણકાવતા ગોપવેશધારી શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૫)

પયપાનતઃ પૂતનાયાઃ સ્વકીયાન્
વયસ્યાન્ ક્ષણાલ્લીલયા રક્ષિતારમ્ ।
દુકૂલાપહારં મહારાસકારં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૬॥

પૂતનાના પ્રાણ રૂપી પયનું પાન કરી પોતાની વયના ગોપબાળોની ક્ષણવારમાં આનંદપૂર્વક વિના પ્રયત્ને રક્ષા કરતા, ચીરહરણ લીલા કરતા અને મહારાસનો આનંદ આપતા શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું ભજું છું. (૬)

તૃતીયાંતટીકાપ્રપૂર્તૌચરિત્રં
નિરોધીયમાશ્રોતુમેવાત્યધીરમ્ ।
સદા શ્રીમદાચાર્યપદ્માંકશોભં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૭॥

શ્રીભાગવતના ત્રીજા સ્કંધની ટીકા પૂરી થતાં, દશમ સ્કંધની નિરોધ લીલાનું પોતાનું ચરિત્ર સાંભળવા અધીર, શ્રીમહાપ્રભુજીની કમળ જેવી કોમળ ગોદમાં બિરાજેલા શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૭)

શિશોર્વિઠ્ઠલેશં પ્રભોર્બાલમિત્રં
મિથઃ શષ્કુલીં ક્રીડને કર્ષયન્તમ્ ।
તનુજેન ષષ્ઠેન સંસેવ્યમાનં
ભજે શ્યામલં બાલકૃષ્ણં રસાલમ્ ॥૮॥

નાનકડા શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના બાલમિત્ર, રમવામાં પરસ્પર ઠોરની મીઠી ખેંચતાણ કરતા, શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલ શ્રીયદુનાથજીથી સેવાતા શ્યામલ અને રસાલ શ્રીબાલકૃષ્ણજીને હું સેવું છું. (૮)

ઈતિ શ્રદ્ધયા બાલકૃષ્ણાષ્ટકં યઃ
પઠેત્ સ્વપ્રભૌ તસ્ય ભક્તિર્દૃઢા યત્ ।
તદેવં મુદા પ્રાર્થનં વલ્લભસ્ય
નિજાચાર્યવર્યાઃ સદા પૂરયન્તુ ॥૯॥

શ્રીબાલકૃષ્ણાષ્ટકનો પાઠ જે શ્રદ્ધાપૂર્વક કરે, તેને પોતાના પ્રભુમાં દૃઢ ભક્તિ થાવ એવી પ્રાર્થના 'વલ્લભ' આનંદપૂર્વક કરે છે, જે શ્રીમહાપ્રભુજી પૂર્ણ કરે. (૯)

◆



॥ શ્રીકલ્યાણરાયો જયતિ ॥

# શ્રીકલ્યાણરાયજી

## ૭. પ્રાકટ્ય અને દેવી તરીકે સ્થાપના

**શ્રીમત્કલ્યાણરાયાય સર્વમાંગલ્યદાયિને ।**
**ભક્તત્રાણાય કલ્યાણનિધયે પ્રણમામ્યહમ્ ॥**

સર્વ માંગલ્ય કરનારા, ભક્તોનું રક્ષણ કરનારા, કલ્યાણના નિધિ એવા શ્રીમદ્ કલ્યાણરાયજીને હું પ્રણામ કરું છું.

હાલ વડોદરામાં બિરાજતા શ્રીકલ્યાણરાય પ્રભુ સર્વ પ્રથમ મલયાચલ પર્વત ઉપર બિરાજતા હતા. ત્યાંથી સંભલગ્રામમાં પધાર્યા. થોડોક સમય પ્રયાગ અને કાશીમાં બિરાજ્યા. પછી સંજોગવશાત્ પ્રયાગ અને કાશી ગામની વચ્ચે આવેલા કડા ગામના તળાવમાં બિરાજ્યા.

આ કડા ગામમાં ત્રણ મિત્રો રહેતા હતા. બાબા વેણુ, કૃષ્ણદાસ ઘઘરી અને યાદવેન્દ્રદાસ. એમાં બાબા વેણુ સારસ્વત બ્રાહ્મણ હતા. કૃષ્ણદાસ ક્ષત્રિય હતા અને યાદવેન્દ્રદાસ વણિક હતા. યાદવેન્દ્રદાસને ગામમાં સૌ જાદવદાસ કહીને બોલાવતા.

ત્રણે મિત્રોમાં બાબા વેણુ અને કૃષ્ણદાસ સુખી હતા. યાદવેન્દ્રદાસ પાસે દ્રવ્ય ન હતું, તેથી તેઓ બાબા વેણુની ખવાસી-સેવા કરતા. બાબા વેણુ તેમનું ભરણપોષણ કરતા. ત્રણે મિત્રો સાથે રહેતા.

આ ગામમાં બધા લોકો દેવીમાતાના ઉપાસકો હતા. આ ત્રણ મિત્રો પણ દેવીને માનતા. એક રાત્રે બાબા વેણુને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પ્રભુએ તેમને દર્શન આપ્યાં અને આજ્ઞા કરી : 'મારું નામ કલ્યાણીદેવી છે. હું તારા ગામના તળાવમાં છું. મને બહાર કાઢ અને મારી પૂજા કર.'



કલ્યાણીદેવીનું મંદિર બનાવી બાબા વેણુ, યાદવેન્દ્રદાસ અને કૃષ્ણદાસ તેમની દેવીમાતા તરીકે પૂજા કરી રહ્યા છે.

સવારે બાબા વેણુએ કૃષ્ણદાસને વાત કરી. બંને મિત્રો તળાવમાં મૂર્તિ શોધવા ઉતર્યા. આખા તળાવમાં છાતી સરસું પાણી હતું. શોધતાં શોધતાં બાબા વેણુના હાથમાં મૂર્તિ આવી. તેઓ તેને બહાર લઈ આવ્યા. મૂર્તિનાં દર્શન કરતાં બંનેને ખૂબ આનંદ થયો.

દેવીએ સ્વપ્નમાં પોતાની પૂજા કરવાની આજ્ઞા કરી હતી તેથી બાબા વેણુએ પોતાની પાસે જે ધન હતું તેનો ઉપયોગ કરીને તળાવને કિનારે એક નાનું મંદિર બનાવ્યું. તેમાં તે મૂર્તિની સ્થાપના કરી. દેવીનું નામ કલ્યાણી દેવી રાખવામાં આવ્યું. ત્રણે મિત્રો રોજ તેમની પૂજા કરે છે.

હવે ગામના લોકોને આ વાતની ખબર પડી એટલે સૌ તેમનાં દર્શને આવવા લાગ્યા. દેવીની માનતા રાખવા લાગ્યા. મંદિરમાં સારી આવક થવા માંડી. તેમાંથી ત્રણે મિત્રોનો નિર્વાહ થતો. આમ કરતાં પાંચ વર્ષ વીતી ગયાં.

## ૮. કલ્યાણી દેવીમાંથી કલ્યાણરાય પ્રભુ

એક દિવસ શ્રીમહાપ્રભુજી કાશીથી અડેલ પધારતા હતા. રસ્તામાં આ ગામમાં મુકામ કર્યો. તળાવને કિનારે મંદિરની પાસે એક આંબાનું વૃક્ષ હતું. એ વૃક્ષ નીચે આપ બિરાજ્યા. તે સમયે બાબા વેણુ, કૃષ્ણદાસ અને યાદવેન્દ્રદાસ પાસેના ગામમાં ગયા હતા. મંદિરમાંથી શ્રીમહાપ્રભુજીને આજ્ઞા સંભળાઈ: 'વલ્લભ, આપ અંદર પધારો.'

આજ્ઞા સાંભળતા શ્રીમહાપ્રભુજીને આશ્ચર્ય થયું. કોઈ દેખાતું નથી તો મને કોણ બોલાવે છે? આપ મંદિરમાં પધાર્યા. જોયું તો શ્રીઠાકોરજીએ ચણિયો, ચોળી અને સાડી ધરેલાં હતાં. તે જોઈ આપે પૂછ્યું : 'મહારાજ, આપ અહીં દેવીનું સ્વરૂપ ધારણ કરીને કેમ બિરાજ્યા છો?'

'વલ્લભ, આ ગામમાં લોકો પ્રભુને જાણતા નથી. બધા દેવીના ઉપાસકો છે; પણ તેમાં ત્રણ દૈવી જીવો છે. બાબા વેણુ, કૃષ્ણદાસ, યાદવેન્દ્રદાસ. તેમનો ઉદ્ધાર કરવા માટે તેમની આસક્તિનું સ્વરૂપ ધારણ કરી. હું તેમની પૂજા સ્વીકારું છું. માટે હવે આપ એ ત્રણેયનો અંગીકાર કરી, તેમનો ઉદ્ધાર કરો.

શ્રીમહાપ્રભુજીએ પ્રભુની આવી આજ્ઞા સાંભળી તેમનાં દેવીનાં બધાં વસ્ત્રો વડાં કર્યાં. ચણિયાને ખીંટી પર લટકાવ્યો. સાડીના બે ટુકડા કર્યા. એક ટુકડાની પ્રભુને ધોતી ધરાવી. બીજા ટુકડાનો મસ્તકે પાઘ બાંધ્યો. પછી આપ પાછા વૃક્ષ નીચે જઈ બિરાજ્યા.

થોડા સમય પછી ત્રણે મિત્રો ગામમાંથી પાછા આવ્યા. તેમણે જોયું કે દેવીમાને કોઈકે પાઘ-ધોતી ધરાવ્યાં છે. બાબા વેણુએ મંદિરના દરવાજે આવી મોટેથી પૂછયું : ‘આ દેવીનાં કપડાં બદલાવનાર અહીં કોણ આવ્યું હતું?’

મંદિરમાંથી પ્રભુએ જ જવાબ આપ્યો : ‘હું કલ્યાણરાયજી ઠાકોર છું. મારી ઈચ્છાથી શ્રીવલ્લભે મને આ વસ્ત્રો ધરાવ્યાં છે. તેઓ તળાવને કિનારે વૃક્ષ નીચે બિરાજે છે. તમે ત્રણે જણ તેમના સેવક થાઓ. જ્યાં સુધી સેવક ન થાઓ, ત્યાં સુધી મને અડકશો નહિ.’

‘મહારાજ, આ ગામમાં ઠાકોરજીને કોઈ માનતું નથી. અમે બધા દેવીભક્તો છીએ. આજ સુધી કલ્યાણીદેવી તરીકે આપની પૂજા કરી છે. હવે અમારો શો અપરાધ થયો છે કે આપ અમને સ્પર્શ કરવાની ના પાડો છો?’

શ્રીકલ્યાણરાયજીએ આજ્ઞા કરી : ‘ગામના લોકો ઠાકોરજીને માને કે ન માને. તમારે ને અમારે તેની પરવા કરવાની શી જરૂર છે? મારી આજ્ઞા છે કે તમે ત્રણે જણ શ્રીમહાપ્રભુજીના સેવક થાઓ.’

‘મહારાજ, આ ગામ લોકોની ભેટથી અમારી આજીવિકા ચાલે છે. પછી અમારી આજીવિકા કેવી રીતે ચાલશે?’

‘બાબા વેણુ, તમારા ઘરમાં નીચેના ઓરડામાં સાતસો રૂપિયા દાટેલા છે. એ રકમ તમારા બાપ-દાદાની છે. તમે એ કાઢી લેજો. તેનાથી મારી સેવા કરજો. તમારી આજીવિકા પણ તેનાથી ચાલશે. જાઓ, ગામની પરવા કર્યા વિના શ્રીમહાપ્રભુજીના સેવક થાઓ.’

ત્રણે જણ શ્રીમહાપ્રભુજી પાસે ગયા. શ્રીમહાપ્રભુજીને પોતાને સેવક કરવા વિનંતી કરી. શ્રીમહાપ્રભુજીએ તેમને સ્નાન કરી આવવા આજ્ઞા કરી. સેવક કર્યા. પછી આજ્ઞા કરી : ‘તમે જેમની સેવા કરો છો તે દેવી નથી પણ



શ્રીમહાપ્રભુજીએ કલ્યાણરાયજીને ધોતી-ઉપરણાનો શૃંગાર કર્યો છે અને તેઓ કલ્યાણીદેવી નહિ પણ શ્રીકલ્યાણરાયજી છે તે વાત ત્રણે વૈષ્ણવોને સમજાવે છે.

શ્રીકલ્યાણરાયજી ઠાકોરજી છે. તેમને તમારા ઘેર પધરાવી જાઓ. ગુપ્ત રીતે તેમની સેવા કરજો. ગામમાં કોઈને જણાવશો નહિ. અહીં મંદિરમાં દેવીનું બીજું સ્વરૂપ પધરાવજો. કોઈ બ્રાહ્મણ પાસે રોજ પૂજા કરાવજો. મંદિરમાં આવતું દ્રવ્ય તમે લેશો નહિ. તમારા ઘરમાંથી જે દ્રવ્ય નીકળે તેનાથી શ્રીઠાકોરજીની સેવા કરજો. તેમને ભોગ ધરજો અને ત્રણે જણ પ્રસાદ લેજો.'

આજ્ઞા પ્રમાણે તેઓ શ્રીકલ્યાણરાયજીને પોતાને ઘેર પધરાવી ગયા. શ્રીમહાપ્રભુજીને વિનંતી કરતાં આપશ્રી પણ તેમને ઘેર પધાર્યા. શ્રીકલ્યાણરાયજીને પંચામૃત સ્નાન કરાવી, પાટ બેસાડ્યા. આપ ત્યાં ચાર દિવસ બિરાજ્યા અને સેવાની રીત શીખવી.

બાબા વેણુએ ઘરમાંથી રૂા. ૭૦૦/- શોધી કાઢ્યા. શ્રીમહાપ્રભુજીને ભેટ ધર્યા. પણ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'આ દ્રવ્ય શ્રીઠાકોરજીએ તમને આપ્યું છે. શ્રીઠાકોરજીમાં તમારો વિશ્વાસ દૃઢ થાય તે માટે તે તમે રાખો.' આમ કહી આપ અડેલ પધાર્યા.

## ૯. શ્રીકલ્યાણરાયજીની કૃપા

ત્રણે મિત્રો શ્રીકલ્યાણરાયજીની પ્રેમપૂર્વક સેવા કરે છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સેવા કરે છે. યાદવેંદ્રદાસ ઉપરની બધી ટહેલ કરે છે. મંદિરમાં બીજી મૂર્તિ પધરાવી એક બ્રાહ્મણને દેવીની પૂજા સોંપી દીધી છે.

બાબા વેણુ અને યાદવેંદ્રદાસના કોઈ સગા જીવિત ન હતા. પરંતુ કૃષ્ણદાસજીને બે ભાઈ હતા. તેમણે અડેલ જઈ શ્રીમહાપ્રભુજી પાસે બ્રહ્મસંબંધ દીક્ષા લીધી. વૈષ્ણવ થયા અને સેવા કરવા લાગ્યા.

ત્રણે મિત્રોને થોડા સમય પછી શ્રીનાથજી અને શ્રીગુસાંઈજીનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. બાબા વેણુ તો પોતાના હૃદયના નેત્રથી હંમેશા શ્રીનાથજીનાં દર્શન કરતા. કૃષ્ણદાસને અષ્ટપ્રહર શ્રીઠાકોરજીનો વિરહ રહેતો તેથી કીર્તન ગાઈ પ્રભુનાં ગુણગાન ગાયા કરતા. યાદવેન્દ્રદાસ દરેક બાબતમાં ભગવદ્ ઈચ્છા માની પ્રસન્નતાથી સેવા કરતા.

આ ત્રણે મિત્રોની શ્રીગોવર્ધનધરનાં દર્શન કરવાની ઈચ્છા જાણી શ્રીકલ્યાણરાયજીએ તેમને આજ્ઞા કરી: 'તમે શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા વ્રજમાં જાઓ. ત્યાં તમને ત્રણેને ભગવદ્ પ્રાપ્તિ થશે.'

'મહારાજ, પછી આપની સેવા કોણ કરશે? આપ કોના માથે બિરાજશો?' બાબા વેણુએ પૂછ્યું.

'કૃષ્ણદાસના બે ભાઈઓ છે. તેઓ મારી સેવા કરશે. તમે મને તેમને માથે પધરાવીને નિશ્ચિંત થઈને જાઓ.' શ્રીકલ્યાણરાયજીએ આજ્ઞા કરી.

બાબા વેણુએ કૃષ્ણદાસના બંને ભાઈઓને બોલાવ્યા. શ્રીકલ્યાણરાયજીની ઈચ્છા જણાવી. કહ્યું : 'તમારા બંને ઉપર શ્રીઠાકોરજીની કૃપા થઈ છે. આ ઘર હવે તમારું છે. અહીં રહેજો અને શ્રીકલ્યાણરાયજીની સેવા સારી રીતે કરજો.'

'તમે બધાં ક્યાં જશો?' બે ભાઈઓએ પૂછ્યું.

'અમે ત્રણે જણ વ્રજમાં શ્રીગોવર્ધનધરનાં દર્શન જઈએ છીએ. અમારો દેહ ત્યાં છૂટે એવી ભગવાનની ઈચ્છા લાગે છે.'

આમ કહી બંને ભાઈઓને માથે શ્રીકલ્યાણરાયજી પધરાવી, શ્રીઠાકોરજીને દંડવત્ કરી ત્રણે જણ વ્રજ તરફ ચાલ્યા. ચાલતા ચાલતા મથુરા પહોંચ્યા. ત્યાં કેશવરાયજીનાં દર્શન કર્યાં. કૃષ્ણદાસને ત્યાં સાક્ષાત્ શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન થયાં. શ્રીઠાકોરજીનો અત્યંત વિરહ થતાં તેમણે એક કીર્તન ગાયું.

**આલી! તું દેખ રી નૈંનન ગિરિવરધર ।**
**સહચર કહતિ દુતિય સહચરીસોં પ્રેમમુદિત પ્યારી રાધાવર ॥૧॥**

**ભૂષન ભૂષિત અંગ મનોહર બસન મનોહર કનકકાન્તિ હર ।**
**ચિત્તોં ચિત્ત હરત વિશ્વ જુવતિનકે સર્વસુ દેત કરકમલ કર ॥૨॥**

**ઉપમા કહા દેઉ કો લાયક, બરનોં કહા કિશોર વેશ બરુ ।**
**સુરતિ-અંત લટકત વ્રજ આવત કૃષ્ણદાસ ભડભાગ કલ્પતરુ ॥૩॥**

આ કીર્તન કૃષ્ણદાસજી બાબા વેણુને સંબોધીને ગાય છે. બાબા વેણુ લીલામાં કૃષ્ણદાસની સહચરી-સખી છે. બાબા વેણુનું નામ સૌરસેની અને કૃષ્ણદાસનું નામ તામ્રલતા છે. આથી અહીં આલી-સખિ એવું સંબોધન કરે છે. કહે છે કે હે સખિ, નેત્રોથી ગિરિવરધરનું સ્વરૂપ નિરખો. નેત્રોની સાર્થકતા પ્રભુ રાધાવરનાં નેત્રો સાથે આપણા નેત્રોને જોડી રાખવામાં જ છે. માટે નેત્રોને ગમે ત્યાં ભટકવા દેશો નહિ. આમ કહી પ્રભુ રાધાવરનાં રૂપ લાવણ્યનું વર્ણન કરે છે.

કૃષ્ણદાસનો વિરહ શ્રીઠાકોરજી સહન કરી શક્યા નહિ. તેથી ત્યાં દર્શન કરતાં જ તેમનો દેહ છૂટી ગયો. બાબા વેણુ અને યાદવેંદ્રદાસે તેમનો અગ્નિસંસ્કાર કર્યો. પછી બંને શ્રીગોવર્ધનધરનાં દર્શને ગિરિરાજજી ગયા. ત્યાં તેમણે શ્રીનાથજીનાં દર્શન કર્યાં. બાબા વેણુએ શ્રીનાથજી સન્મુખ એક કીર્તન ગાયું. ત્યાં તો શ્રીનાથજીના કંઠમાંથી પુષ્પમાળા સરકી ગઈ. મુખિયાજી રામદાસે બાબા વેણુને પ્રસાદી માળા અને બીડાં આપ્યાં.

શ્રીનાથજીના કંઠમાંથી પુષ્પની માળા સરકી ગઈ કારણ કે પુષ્પ માળા એ ભક્તોનું સ્વરૂપ છે. ભક્તોની કૃપાથી વિરહનું દાન થાય છે. બાબા વેણુને પ્રસાદી માળા મળતાં વિરહનું દાન થયું. પ્રભુનાં પ્રસાદી બીડાં આશીર્વાદરૂપ મંગલ સ્વરૂપ છે. તેનાથી પ્રભુ એમ બતાવે છે કે હું તમારા ઉપર પ્રસન્ન છું. માટે બાબા વેણુને શ્રીનાથજીનાં માળા-બીડાં પ્રાપ્ત થયાં હતાં.

બાબા વેણુ અને યાદવેંદ્રદાસ દર્શન કરી શ્રીગિરિરાજ ઉપરથી નીચે આવ્યા. નીચે આવતાં જ બાબા વેણુએ પ્રાણત્યાગ કર્યો. પ્રભુની લીલામાં પ્રાપ્ત થયા. યાદવેંદ્રદાસે તેમનો અગ્નિસંસ્કાર કર્યો.

પછી શુદ્ધ સ્નાન કરી તેઓ શ્રીગુસાંઈજી પાસે આવ્યા. દંડવત્ કર્યા. શ્રીગુસાંઈજીએ સર્વ બીના જાણી. યાદવેંદ્રદાસને શ્રીનાથજીની સેવાની આજ્ઞા કરી. શ્રીગુસાંઈજીની આજ્ઞા માની તેઓ શ્રીનાથજીની સેવા કરવા લાગ્યા. સેવા કરવા છતાં તેમના મનમાં ઘણો વિરહ રહેતો. એમ થતું કે ક્યારે બાબા વેણુની પાસે જાઉં.

તેમણે વિચાર કર્યો કે હવે મારો અગ્નિસંસ્કાર કરનાર કોઈ નથી. બીજા વૈષ્ણવો કરે ખરા પણ જેઓ કરે તેમની આખા દિવસની સેવા છૂટે. મારે વૈષ્ણવોને શ્રમ ન કરાવવો જોઈએ.

આમ વિચારી યાદવેંદ્રદાસે પોતે જ પોતાના અગ્નિસંસ્કાર માટે સૂકાં લાકડાં વીણી, ભેગાં કરવા માંડ્યાં. પૂરતાં લાકડાં ભેગાં થતાં શ્રીનાથજીને અને શ્રીગુસાંઈજીને દંડવત્ કરી, વૈષ્ણવોને ભગવદ્ સ્મરણ કરી, એકાંત સ્થાનમાં ગયા. ત્યાં પોતાની ચિતા જાતે ગોઠવી. પછી એને અગ્નિ લગાડ્યો. શ્રીનાથજીનાં ધજાજીને દંડવત્ કરી ચિતા ઉપર બેસી ગયા. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ચરણારવિંદનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડ્યો. આમ તેઓ પણ ભગવદ્ લીલામાં પ્રાપ્ત થયા.

ભગવદ્સેવાનું પરમ ફળ વિપ્રયોગનો અનુભવ છે. શ્રીકલ્યાણરાયજીની સેવાથી આ બધા ભગવદીયોએ વિપ્રયોગનો અનુભવ પ્રાપ્ત કરી, દેહ છોડ્યો અને ભગવદ્લીલામાં પ્રાપ્ત થયા.

શ્રીગુસાંઈજીએ જ્યારે આ સમાચાર જાણ્યા ત્યારે આપે પણ આ ભગવદીયોની સરાહના કરી.

## ૧૦. શ્રીકલ્યાણરાયજી - કડાથી વડોદરા

કૃષ્ણદાસના બંને ભાઈઓએ થોડો સમય શ્રીકલ્યાણરાયજીની સેવા કરી. પછી જ્યારે તેમનાથી સેવા ન બની ત્યારે તેમણે પ્રભુને શ્રીગુસાંઈજીને ત્યાં પધરાવ્યા. આપ શ્રીગુસાંઈજીના ઘરમાં જ બિરાજ્યા અને આપશ્રીનાં બાળકો તેમની ખૂબ પ્રેમથી સેવા કરવા લાગ્યા.

શ્રીગુસાંઈજીએ જ્યારે સંવત ૧૬૩૬માં પોતાના સાત પુત્રોને સાત સ્વરૂપો સેવા માટે પધરાવી આપ્યાં. ત્યારે છઠ્ઠા પુત્ર શ્રીયદુનાથજીને શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. શ્રીયદુનાથજીને પોતાના મોટા ભાઈ ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજી સાથે ઘણો પ્રેમ હતો તેથી બંને ભાઈઓ સાથે રહેતા અને સાથે સેવા કરતા. તેથી શ્રીબાલકૃષ્ણલાલજીને શ્રીદ્વારિકાધીશની સાથે પધરાવીને શ્રીયદુનાથજીએ સેવા કરી.



શ્રીગોકુલનાથજી શ્રીમધુસૂદનજી મહારાજને
શ્રીકલ્યાણરાયજી સેવા માટે પધરાવી આપે છે.

આમ શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીદ્વારિકાધીશજી સાથે બિરાજતા હોવાથી શ્રીયદુનાથજીના ત્રણે બાળકોએ શ્રીગોકુલનાથજીને વિનંતી કરી કે અમને સેવા માટે કોઈ સેવ્ય સ્વરૂપ પ્રાપ્ત થયું નથી. તેથી શ્રીગોકુલનાથજીએ ત્રણે બાળકોને ત્રણ સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યા. જેમાં શ્રીમધુસૂદનજીને શ્રીકલ્યાણરાયજી, શ્રીરામચંદ્રજીને શ્રીમદનમોહનજી અને શ્રીજગન્નાથજીને શ્રીગોપાલલાલજીના સ્વરૂપ પધરાવી આપ્યાં. એ રીતે શ્રીકલ્યાણરાયજી શ્રીયદુનાથજીના જ્યેષ્ઠપુત્ર શ્રીમધુસૂદનજીને માથે પધાર્યા. ત્યારથી આજ સુધી શ્રીકલ્યાણરાયજીની સેવા તેમના વંશમાં થઈ રહી છે. શ્રીકલ્યાણરાયજી થોડો સમય ગોકુલ અને જતિપુરા બિરાજ્યા. પછી મથુરા પધાર્યા. મથુરાથી થોડા સમય માટે હૈદ્રાબાદ પધાર્યા. ત્યાંથી આપ નાથદ્વારા થઈ શેરગઢ પધાર્યા. શેરગઢથી સંવત ૧૯૬૭ના વૈશાખ વદ બીજને દિવસે શ્રીકલ્યાણરાયજીને શ્રીગિરિધરજી મહારાજે વડોદરા પધરાવ્યા. ત્યાં શ્રીગિરિધરજી પછી શ્રીવલ્લભલાલજીએ તેમની સેવા કરી. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી ખૂબ પ્રતિભા સંપન્ન, સેવાપરાયણ અને મર્મજ્ઞ હતા. આપશ્રીની પ્રેરણાથી વડોદરામાં શ્રીકલ્યાણરાયજીનું વિશાળ મંદિર બનાવવામાં આવ્યું. હાલમાં આપશ્રીના વંશમાં પૂ.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી શ્રીકલ્યાણરાયજીની સેવા કરી રહ્યા છે. વિવિધ મનોરથો કરી લાડ લડાવી રહ્યા છે. વૈષ્ણવોને શ્રીકલ્યાણરાયજીના પ્રતાપ અને પ્રભાવનો અલૌકિક રસાનુભવ થઈ રહ્યો છે.

## ૧૧. સ્વરૂપભાવના-લીલાભાવના

**નામ :**

ભક્તોની ઈચ્છા પૂરી કરી, રાસલીલા દ્વારા ભક્તોને રસદાન કરી, જે ભક્તોનું શ્રેય-કલ્યાણ કરે છે તે કલ્યાણરાયજી.

**સ્વરૂપ અને સ્વરૂપભાવના :**

આ શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ શ્રીમથુરાધીશજી અને શ્રીદ્વારિકાધીશજી જેટલી ઊંચાઈનું, ઠાડું, શ્યામ, ચતુર્ભુજ સ્વરૂપ છે. ચાર ભુજામાં શંખ, ચક્ર, ગદા,

પદ્મ ધારણ કર્યા છે. તનિયો અને કિરીટ ધરેલાં છે. પીઠિકા ત્રિકોણ છે. દૃષ્ટિ નીચી છે.

સંયોગ શૃંગારના આ રસાત્મક સ્વરૂપનાં ચાર આયુધોની ભાવના શ્રીમથુરાધીશજી અને દ્વારિકાધીશજીના આયુધો પ્રમાણેની જ છે. ત્રિકોણ પીઠિકા બે ગોપી વચ્ચે બિરાજેલા માધવનો ભાવ દર્શાવે છે.

**લીલાભાવના :**

શ્રીકલ્યાણરાયજી પ્રભુનું સ્વરૂપ મોહિની સ્વરૂપ છે. પ્રમેયનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. દશમસ્કંધના તામસ ફલ પ્રકરણના લઘુરાસની લીલાનું આ સ્વરૂપ છે. કુમારિકાઓએ કાત્યાયની વ્રત કર્યું. તેનાથી પ્રસન્ન થયેલા શ્રીઠાકોરજીએ વરદાન આપ્યું કે હું તમારો મનોરથ પૂર્ણ કરીશ. કુમારિકાઓનો મનોરથ હતો કે શ્રીઠાકોરજી-શ્રીકૃષ્ણ અમારા પતિ થાય. આ વરદાન પૂર્ણ કરવા શ્રીઠાકોરજીએ ગોપીજનો સાથે લઘુરાસ કર્યો. તે વખતે પ્રત્યેક ગોપીજનને આલિંગન આપી, તેમનો મનોરથ પૂર્ણ કર્યો. આ લીલાનું સ્વરૂપ શ્રીકલ્યાણરાયજીનું છે. આવા શ્રીકલ્યાણરાય પ્રભુને આપણા કોટિ કોટિ વંદન સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

મિત્રો, વડોદરા જાઓ ત્યારે શ્રીકલ્યાણરાયજીનાં દર્શન કરવા જરૂર જજો.

● સરનામું ●
શ્રી કલ્યાણરાયજી મંદિર,
બાજવાડા, માંડવી,
વડોદરા - ૩૯૦ ૦૦૧

## ૧૨. શ્રીકલ્યાણરાયાષ્ટકમ્

રચયિતા : ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી-વડોદરા)
સમશ્લોકી અનુવાદ : પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

આભીરનારી નયનોત્સવાય વૃન્દાવનીયાદ્‌ભુત નર્તકાય ।
પૂર્વોન્દુરાસોત્સવ મંગલાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૧॥

*ગોપીજનોને સુખ દર્શને દે વૃંદાવને અદ્‌ભુત નર્તકારી,*
*રાસોત્સવ મંગલરૂપધારી કલ્યાણરાય પ્રભુને નમું હું. (૧)*

ગોપાંગના મણ્ડલ મણ્ડિતાય હસ્તાબ્જવંશી સુવિભૂષિતાય ।
કલ્યાણરાગેઙ્ગિંત ભાવનાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૨॥

*ગોપી તણા મંડલમાં સુશોભે દીપે ધરી વેણુ કરારવિંદે,*
*કલ્યાણ રાગે નિજ ભાવ દર્શે કલ્યાણરાય પ્રભુને નમું હું. (૨)*

ગોચારણવ્યાજવનેચરાય રાસેશ્વરીમાન હૃદીશ્વરાય ।
બ્રહ્મેશ દેવેશ જનેશ્વરાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૩॥

*ગોધેન કાજે વિહરે વને જે મનાવવા સ્વામિનીને સમર્થ,*
*બ્રહ્મેશ દેવેશ અને જનેશ કલ્યાણરાય પ્રભુને નમું હું. (૩)*

વૃન્દાટવીકુંજ નિવેષિતાય ગોપાંગના ભાવ વિભાવિતાય ।
લીલાવિલાસે પશુપાંગજાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૪॥

*વૃંદાવને કુંજ-નિકુંજ ખેલે ગોપાંગના ભાવ વિભાવતાજે,*
*લીલા થકી થ્યા વ્રજગોપલાલ કલ્યાણરાય પ્રભુને નમું હું. (૪)*

શ્રીરાધિકામુગ્ધ વિલોચનાય લાવણ્ય લક્ષ્મીમવલંબિતાય ।
દ્વૈતસ્ય ભાને વિમલાવ્દયાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૫॥

*શ્રીરાધિકા-મોહિત નૈન જેનાં લાવણ્ય જેનું યુગલ સ્વરૂપે,*
*અદ્વૈત શુદ્ધાકૃતિમાં બિરાજે કલ્યાણરાયપ્રભુને નમું હું. (૫)*

શ્રીકૌસ્તુભાલંકૃતવિગ્રહાય કાલ પ્રભાવે કૃતનિગ્રહાય ।
શ્રીવલ્લભાનુગ્રહ સંગ્રહાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૬॥

*કૌસ્તુભથી જેનું શ્રીઅંગ સોહે જે કાલના કાલ બને વિજેતા,*
*શ્રીવલ્લભાનુગ્રહના સ્વરૂપ કલ્યાણરાય પ્રભુને નમું હું. (૬)*

મુક્તાવલી ભૂષણ ભૂષિતાય રાજીવનેત્રાય ચતુર્ભુજાય ।
પીતામ્બરાયોન્નતકંધરાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૭॥

*મોતીતણી માલથી સોહતા જે રાજીવ નેત્રો ભુજ ચાર જેના,*
*પિતાંબરા ઉન્નત સ્કંધ જેના કલ્યાણરાય પ્રભુને નમું છું. (૭)*

વ્રજેશ્વરાનન્દફલપ્રદાય ભક્તાભિલાષાપરિપૂરકાય ।
સ્વીયેષુકામં સકલેષ્ટદાય કલ્યાણરાયાય નમોઽપરાય ॥૮॥

*ગોપેન્દ્ર આનંદફલ પ્રદાતા ભક્તાભિલાષા પરિપૂર્ણકારી,*
*પોતાતણા ભક્તોના ઈષ્ટદાતા કલ્યાણરાય પ્રભુને નમું હું. (૮)*

કલ્યાણરાયાષ્ટકમેતદેવ ભાવેન નિત્યં પ્રપઠેજ્જનોયઃ ।
તસ્યાશુતુષ્ટઃ સકલેષ્ટદઃ સ્યાદેતેન કલ્યાણ નિધિં પ્રપદ્યે ॥૯॥

*કલ્યાણરાયાષ્ટક સ્તોત્ર આ જે, ભાવે કરી પાઠ કરે હમેશાં,*
*દે તુષ્ટિ ને ઈષ્ટિ બધું તુરંત, તેથી જ કલ્યાણનિધિ મળે છે. (૯)*

ઈતિ શ્રીવલ્લભાચાર્ય દાસદાસેન ભાષિતમ્ ।
શ્રીમત્કલ્યાણરાયાણામષ્ટકં પૂર્ણતામગત્ ॥૧૦॥

*ઈતિ શ્રીવલ્લભચાર્ય દાસદાસે કથેલું આ,*
*શ્રીમદ કલ્યાણરાયોનું થયું અષ્ટક પૂર્ણ આ. (૧૦)*

નોંધ :

આ સ્તોત્રમાં શ્રીકલ્યાણરાય પ્રભુના નામનો વિશેષ અર્થ ત્રણ રીતે જોવા મળે છે.

(૧) મુખ્ય લીલા-રાસલીલામાં મંગલ કલ્યાણકારી શોભા (શ્લોક-૧)
(૨) પ્રત્યેક કામનાઓને પૂર્ણ કરવાની કલ્યાણભાવના (શ્લોક-૨)
(૩) કાલાદિ દોષોને દૂર કરી શરણાગત જીવને કલ્યાણાનુગ્રહ (શ્લોક-૬)

આ રીતે શ્રીકલ્યાણરાયજીના નામનું ત્રિવિધ તાત્પર્ય, સાત્વિક, રાજસ અને તામસ ગુણયુક્ત ત્રણ પ્રકારના જીવોને ત્રિવિધ તાપોમાંથી મુક્ત કરવાનું આપનું સામર્થ્ય નિરૂપિત કરે છે.

આ જ કારણથી કલ્યાણના નિધિના સ્વરૂપમાં આપનું શરણ સ્વીકાર્ય છે. સાથે સાથે 'નિધિ' પદથી સામ્પ્રદાયિક નિધિ સ્વરૂપના ભાવનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

■

॥ શ્રીમુકુંદરાયો જયતિ ॥

# શ્રીમુકુંદરાયજી

## ૧૩. પ્રાકટ્ય

નામ :

**મુકુમ્** = મુક્તિ; **દ** = આપનાર. જે પ્રભુ જીવોને મુક્તિ આપે છે તે મુકુંદરાયજી. મુક્તિ આપવાનો શ્રીઠાકોરજીનો સ્વભાવ શ્રીયમુનાજીએ બદલ્યો. શ્રીઠાકોરજી મુક્તિને બદલે ભક્તિ આપનારા થયા. તે શ્રીમુકુંદરાયજી.

પ્રાકટ્ય :

આ સ્વરૂપ ઘણું પ્રાચીન છે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણન આવે છે કે માર્કંડેય ઋષિને ભગવદ્ માયાને કારણે પ્રલયનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. તેથી હજારો વર્ષો સુધી તેમણે પ્રલયના સમુદ્રમાં ભટકવાનો અનુભવ કર્યો. ત્યાર પછી 'વટસ્ય પત્રસ્ય પુટે શયાનમ્' એવા શ્રીમુકુન્દ પ્રભુનાં દર્શન થયાં. એ મુકુન્દપ્રભુ શ્રીમહાપ્રભુજીના પૂર્વજોની જનોઈમાં વીંટળાઈને શ્રીયમુનાજલમાંથી બહાર પધાર્યા. પ્રાચીન પુસ્તકોમાં એવો ઉલ્લેખ છે કે શ્રીમુકુન્દપ્રભુનું એ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પોતાના કાકા શ્રીજનાર્દન ભટ્ટજી દ્વારા પ્રાપ્ત થયું હતું. શ્રીજનાર્દન ભટ્ટજી પાસેથી શ્રીમહાપ્રભુજીને શ્રીશાલિગ્રામજી અને શ્રીભાગવતજીનું પુસ્તક પણ પ્રાપ્ત થયાં હતાં. ભટ્ટજીએ બતાવ્યું હતું કે શ્રીશાલિગ્રામજી બ્રહ્માજી દ્વારા પૂજિત અને કૃષ્ણાવતાર સમયે શ્રીઠાકોરજીના મુખારવિંદથી સ્પર્શિત છે. શ્રીભાગવતજીનાં પોથીજી ગરુડાચાર્યજીએ આપેલાં છે અને શ્રીમુકુન્દરાયનું સ્વરૂપ આપણા પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયેલું છે. આવાં આ ત્રણે સ્વરૂપો જનાર્દન ભટ્ટજીએ શ્રીમહાપ્રભુજીને પધરાવી આપેલ હતાં.

વળી એમ પણ કહેવાય છે કે એક વખત શ્રીમહાપ્રભુજી યમુનાજળમાં સ્નાન કરી, શ્રીયમુનાજીના પ્રવાહમાં જ ઊભા રહી, શ્રીયમુનાષ્ટકનો પાઠ કરતા હતા. જ્યારે આપ 'મુકુંદરતિવર્ધિની જયતિ પદ્મબંધોસુતા' બોલ્યા ત્યારે, શ્રીમુકુંદરાયજીનું આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની જનોઈ પકડી જળમાંથી બહાર પધાર્યું. તેથી શ્રીમહાપ્રભુજીએ તેમનું નામ 'મુકુંદરાયજી' પાડ્યું.

આમ શ્રીમુકુંદરાયજીનાં પ્રાકટ્ય સંબંધે બે બાબતો પ્રાચીન પુસ્તકોમાંથી જાણવા મળે છે. પણ એટલું ચોક્કસ છે કે શ્રીમહાપ્રભુજીને આ સ્વરૂપ પ્રાપ્ત થયું હતું અને આપની પ્રથમ ભારતયાત્રા વખતે આપની સાથે બિરાજતું હતું. ત્રણે સ્વરૂપોને શ્રીમહાપ્રભુજીએ એક તામ્રપેટીમાં પધરાવી પોતાની સાથે ભારતયાત્રા સમયે રાખ્યાં હતાં અને નિત્ય તેમની સેવા આપ કરતા હતા.

શ્રીદામોદરદાસ હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન વગેરે ભગવદીયોને આપશ્રીએ શ્રીમુકુંદરાયજી સમક્ષ જ બ્રહ્મસંબંધ દીક્ષા પ્રદાન કરી શરણમાં લીધા હતા.

શ્રીમહાપ્રભુજી ભારતયાત્રા કરતાં કરતાં જ્યારે કાશી પધાર્યા ત્યારે શ્રીમુકુન્દરાયજીએ કાશીમાં જ બિરાજવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે શ્રીવલ્લભે વિનંતી કરી કે મહારાજ, આપની આ ઈચ્છા છે તો થોડા સમય પછી એ પ્રમાણે થશે.

શ્રીમહાપ્રભુજીના નિત્યલીલામાં પધાર્યા પછી શ્રીમુકુન્દરાયજીની સેવા શ્રીનાથજીના મુખિયાજી રામદાસજીએ પોતે જ્યાં રહેતા હતા તે શ્રીગિરિરાજજીની કંદરામાં તેમને પધરાવીને કરી. સમય જતાં રામદાસજીએ શ્રીગુસાંઈજીને શ્રીમુકુંદરાયજીનું સ્વરૂપ પધરાવી આપ્યું અને ત્યારથી શ્રીમુકુંદરાયજી શ્રીનાથજીની ગોદમાં બિરાજ્યા.

### સ્વરૂપભાવના અને લીલાભાવના :

આ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપને મળતું જ સ્વરૂપ છે. શ્રીબાલકૃષ્ણલાલજીના સ્વરૂપની જેમ જ તેમની સ્વરૂપભાવના અને લીલાભાવના કરવી.



રામદાસજી શ્રીગિરિરાજજીની ગુફામાં શ્રીમુકુંદરાયજીની સેવા કરે છે.



રામદાસજી શ્રીગુસાંઈજીને શ્રીમુકુંદરાયજી પધરાવી આપે છે.

## ૧૪. શ્રીમુકુંદરાયજી નાથદ્વારાથી કાશી પધાર્યા

સંવત ૧૮૭૯ની સાલનો એક પ્રસંગ છે. તે સમયના નાથદ્વારાના તિલકાયત શ્રીદામોદરજી (શ્રીદાઉજી) મહારાજે શ્રીનાથજીની સાથે સાતે નિધિ સ્વરૂપોને પધરાવી સપ્તસ્વરૂપોત્સવ કરવાનો અને બધા સ્વરૂપોને સાથે અન્નકૂટ આરોગાવવાનો મનોરથ કર્યો. એક પછી એક ઘરથી શ્રીઠાકોરજીની પાલખી પધારી. પરંતુ છઠ્ઠા ઘરના ઠાકોરજી શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીદ્વારિકાધીશજીની સાથે બિરાજતા હોવાથી, છઠ્ઠા ઘરના શ્રીઠાકોરજીનું સ્થાન ત્યાં ખાલી રહ્યું.

આ જોઈ તે સમયે ત્યાં બિરાજતા, છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના વંશજ, શુદ્ધાદ્વૈત માર્તંડ શ્રીગિરિધરજી મહારાજ (કાશી)ને ઘણું દુઃખ થયું. તેમને થયું કે 'શ્રીનાથજીકે ઘરમેં હમારે બડેનકો કોઈ નામ નહીં હૈ. ન તો હટડીકી આરતી ન તો પાલખી.' બધા ઘરનાં બાળકો સેવામાં આનંદઉત્સાહપૂર્ણ હતા ત્યારે શ્રીગિરિધરજી મહારાજ આ કારણે ઘણા સમય સુધી ઉદાસીન રહ્યા.

મનોરથ થઈ ગયો. બધાં સ્વરૂપો પોતપોતાના સ્થાને પધાર્યા. ત્યાર પછી શ્રીગિરિધરજી મહારાજ ઘણો સમય નાથદ્વારામાં બિરાજ્યા. તિલકાયત શ્રીદાઉજી મહારાજ સાથે આપને ઘણીવાર સ્વમાર્ગના સિદ્ધાંતો વિશે, ભાવભાવના વિશે ચર્ચા થતી. તિલકાયતશ્રીને લાગ્યું કે શ્રીગિરિધરજી મહારાજ શ્રીવલ્લભકુલની સેવા પરંપરા, શૃંગાર, રાગ, ભોગ, સેવાની પદ્ધતિ વગેરેનું ખૂબ સૂક્ષ્મ અને અસાધારણ જ્ઞાન ધરાવે છે. આપશ્રી શ્રીગિરિધરજીના પાંડિત્યથી પણ અત્યંત પ્રભાવિત થયા. તેમને ખાત્રી થઈ કે શ્રીગિરિધરજી મહારાજ શ્રીભાગવતતત્વજ્ઞ, દમ્ભાદિરહિત અને કૃષ્ણસેવાપરમ્ તથા દરેક બાબતમાં નિપુણ છે. ત્યારે આપશ્રીએ ગોપાલમંત્રની દીક્ષા શ્રીગિરિધરજી મહારાજ પાસે લેવાનું નક્કી કર્યું. સંવત ૧૮૭૯ના મહા સુદ પૂનમના ચંદ્રગ્રહણના દિવસે આપશ્રીએ આ દીક્ષા લીધી.

'હવે આપને ગુરુદક્ષિણામાં શું આપું?' દીક્ષા લીધા પછી શ્રીદાઉજી મહારાજે પૂછ્યું.

‘હું જે માગીશ તે તમે આપી નહિ શકો.’ શ્રીગિરિધરજીએ થોડો વિચાર કરીને કહ્યું.

‘તમે માગશો તે અમે આપીશું.’ શ્રીદાઉજીએ ખાત્રી આપી. ત્યારે શ્રીગિરિધરજીએ કહ્યું : ‘હમારે બડેનકો શ્રીનાથજીકે ઘરમેં કછુ નામ નહીં હૈ. બડેનને શ્રીઠાકુરજી હૂ પધરાયે નહીં હૈ. તાતે શ્રીનાથજીકે પાસ જો શ્રીઠાકુરજી બિરાજે હૈ તામેંસૂં એક સ્વરૂપ પધરાય દીજિયે.’

‘વસ્તુ તો આપને બડી માંગી, દીની ન જાય, પરંતુ હમ આપસું વચનમેં બઁધે હૈ તાસૂં દેંગે.’ શ્રીદાઉજીએ આજ્ઞા કરી.

આ વાતને થોડો સમય વીતી ગયો. ફરીથી શ્રીગિરિધરજી મહારાજે શ્રીદાઉજી મહારાજને શ્રીઠાકોરજી પધરાવી આપવા વિનંતી કરી. ત્યારે સંવત ૧૮૮૦ના આસો સુદ છઠના રોજ શ્રીદાઉજી મહારાજે શ્રીગિરિધરજી મહારાજને એક પત્ર લખાવ્યો જેમાં શ્રીયદુનાથજીના ઘરની આડીથી હટડીની આરતી તથા પાલખી અને શ્રીઠાકોરજી પધરાવવાનું લખવામાં આવ્યું.

પરંતુ શ્રીઠાકોરજી પધરાવી આપે તે પહેલાં સં. ૧૮૮૨માં શ્રીદાઉજી મહારાજનો લીલાપ્રવેશ થઈ ગયો. આપશ્રીનાં વહુજી આ બાબત જાણતાં હતાં તેથી આપે આ અંગેનો લેખપત્ર કરી આપ્યો. સંવત ૧૮૮૫માં દીપાવલીના દિવસે હટડીની આરતી શ્રીગિરિધરજી મહારાજે કરી અને બીજા દિવસે - કારતક સુદ એકમના દિવસે - લેખપત્ર અનુસાર શ્રીનાથજીની ગોદમાં બિરાજતા શ્રીમુકુંદરાયજીને શ્રીલક્ષ્મી વહુજીએ શ્રીગિરિધરજી મહારાજને પધરાવી આપ્યા. આમ શ્રીગિરિધરજી મહારાજને માથે શ્રીમુકુંદરાયજી પધાર્યા અને શ્રીયદુનાથજીના તૃતીય પુત્ર શ્રીજગન્નાથજીના વંશમાં કાશીમાં બિરાજમાન થયા.

આપશ્રીએ શ્રીમુકુંદરાયજીને ધામધૂમથી કાશી પધરાવ્યા. ત્યાં શ્રીગોપાલલાલજીના મંદિરમાં આપ બિરાજ્યા. શ્રીગોપાલલાલજી લાડબાઈ ધારબાઈના સેવ્ય હતા. શ્રીગોકુલનાથજીએ જ્યારે શ્રીયદુનાથજીના પ્રથમ પુત્ર શ્રીમધુસૂદનજીને શ્રીકલ્યાણરાયજી પધરાવી આપ્યા, ત્યારે બીજા પુત્ર



શ્રીલક્ષ્મીવહુજી શ્રીગિરિધરજી મહારાજને શ્રીમુકુંદરાયજી પધરાવી આપે છે.

શ્રીરામચંદ્રજીને શ્રીમદનમોહનજી અને ત્રીજા પુત્ર શ્રીજગન્નાથજીને શ્રીગોપાલલાલજી પધરાવી આપ્યા હતા. આ ત્રણે સ્વરૂપો ગોકુલમાં શ્રીકલ્યાણરાયજીના મંદિરમાં એક જ સિંહાસન ઉપર બિરાજતા હતા અને ત્યાં ત્રણે સ્વરૂપોની સેવા સાથે જ થતી હતી. ત્યાંથી શ્રીગોપાલલાલજી કામવન પધાર્યા અને ત્યાંથી પછી શ્રીજીવણજી મહારાજે સં. ૧૭૮૭માં કાશી પધરાવ્યા. ત્યારથી શ્રીગોપાલલાલજી કાશીમાં બિરાજે છે.

શ્રીગોપાલલાલજીના મંદિરમાં જ શ્રીમુકુંદરાયજી પધાર્યા. બંને સ્વરૂપ થોડો સમય સાથે બિરાજ્યા. શ્રીગોપાલલાલજી મંદિરના ફૂલઘરના સ્થાને શ્રીમુકુંદરાયજી માટે નવું મંદિર સિદ્ધ થયું. સં. ૧૮૮૭ના વૈશાખ સુદ સાતમના દિવસે શ્રીમુકુંદરાયજી પોતાના નવા મંદિરમાં પધાર્યા. શ્રીગિરિધરજી મહારાજે ખૂબ લાડપૂર્વક આપની સેવા કરી. એ અદ્વિતીય સેવા પ્રકાર આજ પર્યંત ચાલુ છે. અને શ્રીગિરિધરજી મહારાજના વંશમાં પૂ.ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી આપની સેવા કરી રહ્યા છે. મિત્રો, કાશી જાઓ તો શ્રીમુકુંદરાયજી અને શ્રીગોપાલલાલજીનાં દર્શન કરવા જરૂર જજો.

● સરનામું ●
શ્રીગોપાલ મંદિર,
કે-૩૭/૮૯ ચૌખમ્ભા, વારાણસી (કાશી) - ૨૨૧૦૦૧
(ઉત્તરપ્રદેશ)

## ૧૫. શ્રીગોપાલલાલજી

કાશીથી પ્રકાશિત થયેલ 'ગો. શ્રી મુરલીધરલાલજી મહારાજશ્રી સ્મૃતિગ્રંથમાં' જણાવ્યા અનુસાર શ્રીકલ્યાણરાયજી અને શ્રીગોપાલલાલજીના સ્વરૂપો અત્યંત પ્રાચીન છે. ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોને આ સ્વરૂપો પધરાવી આપ્યાં હતાં. તેમાં યુધિષ્ઠિરને શ્રીકલ્યાણરાયજી, ભીમસેનને શ્રીમદનમોહનજી અને અર્જુનને શ્રીગોપાલલાલજી પધરાવી આપ્યા હતા. આ ત્રણે સ્વરૂપોની



શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ પધરાવી આપે છે.
શ્રીકૃષ્ણે ભીમસેનને શ્રીમદનમોહનજી અને અર્જુનને શ્રીગોપાલલાલજીનું
સ્વરૂપ પણ પધરાવી આપ્યું છે.

સેવા ત્રણે પાંડવોએ પોતાના જીવનકાળ દરમ્યાન કરી હતી. શ્રીકૃષ્ણ સ્વધામ પધાર્યા પછી પાંડવોએ પણ મહાપ્રસ્થાન કર્યું ત્યારે ભગવાન કૃષ્ણના પ્રપૌત્ર વજનાભજીને આ સ્વરૂપો તેમણે પધરાવી આપ્યા. વજનાભજી જ્યારે પાંડવોના વંશજો અને રાણીઓને મળવા હસ્તિનાપુર ગયા ત્યારે એ રાણીઓનો શ્રીકૃષ્ણ પ્રત્યે અત્યંત પ્રેમ જોઈને શ્રીગોપાલલાલજીનું સ્વરૂપ તેમણે પાંડવોના મહેલમાં પધરાવી આપ્યું. ત્યારથી પાંડવોના વંશમાં ગોપાલલાલજીની સેવા થતી રહી.

હસ્તિનાપુરથી પાંડવોના વંશજો ઉદયપુર ગયા તો શ્રીગોપાલલાલજી પણ ઉદયપુર પધાર્યા અને ત્યાંના રાજમહેલમાં શ્રીગોપાલલાલજીની સેવા તેમની વંશજ લાડબાઈ-ધારબાઈ સુધી થતી રહી. એકવાર લાડબાઈ-ધારબાઈ કાશી આવ્યાં. ત્યાં શ્રીગુસાંઈજીનાં સેવક થયાં. શ્રીગુસાંઈજીએ શ્રીગોપાલલાલજીને પાટ પધરાવ્યા અને પુષ્ટિમાર્ગીય સેવાની રીત બતાવી. તે પ્રમાણે તેઓ શ્રીગોપાલલાલજીની સેવા કરતાં રહ્યાં.

લાડબાઈ-ધારબાઈ પોતાની વૃદ્ધાવસ્થામાં શ્રીગોપાલલાલજીને પધરાવીને વ્રજમાં આવ્યાં. ત્યાં રહી યથાશક્તિ સેવા કરતાં હતાં. જ્યારે તેઓ અત્યંત અશક્ત થયાં ત્યારે શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજીને વિનંતી કરીઃ 'મહારાજ, શ્રીગુસાંઈજી દ્વારા સેવ્ય થયેલ પ્રભુ શ્રીગોપાલલાલજીને આપ પધરાવી લો અને સાથે અમારી પાસે જે ચાર લાખ સોનામહોર છે તે પણ આપ સ્વીકારી લો; જેથી શ્રીઠાકોરજીની સેવા નિષ્કંટક રીતે થતી રહે.'

શ્રીગિરિધરજીએ શ્રીઠાકોરજી પધરાવવાનું તો સ્વીકાર્યું પરંતુ રાજદ્રવ્ય હોવાથી દ્રવ્યનો સ્વીકાર કરવાની ના પાડી. પછી લાડબાઈ-ધારબાઈએ ગૌડીય સંપ્રદાયના આચાર્યને સ્વરૂપ અને દ્રવ્ય સ્વીકારવાની વિનંતી કરી. આ બાબતની જાણ શ્રીગોકુલનાથજીને થતાં આપશ્રીએ તરત વૃંદાવન પધારી, એ બે વૈષ્ણવોને બોલાવી કહ્યું કે 'અમારા પિતૃચરણ દ્વારા સેવ્ય ઠાકોરજીને અમે ગૌડીય ગોસ્વામીને ત્યાં પધારવા નહિ દઈએ.'

ત્યારે લાડબાઈ ધારબાઈએ શ્રીઠાકોરજીને સ્વીકાર અને દ્રવ્યનો અસ્વીકાર કરવાની શ્રીગિરિધરજીની વાત જણાવી. વળી કહ્યું કે અમારો હવે અંત સમય છે, એવું લાગવાથી અમે આપના શરણમાં આવ્યાં છીએ. આપ કહો તેમ કરીએ.

આ બાબત જાણીને શ્રીગોકુલનાથજીએ શ્રીઠાકોરજીને દ્રવ્ય સહિત પધરાવી લીધા. શ્રીઠાકોરજીને તો શ્રીગોકુલેશપ્રભુની પાસે પધરાવ્યા અને ત્યાં તેમની સેવા થવા લાગી. પરંતુ દ્રવ્ય બધું દીવાલમાં ચણાવી લીધું.

૧૩ વર્ષો સુધી શ્રીગોપાલલાલજીની સેવા શ્રીગોકુલનાથજીની સાથે થતી રહી. ત્યાર પછી શ્રીયદુનાથજી નિત્ય લીલામાં પધાર્યા. એક દિવસ શ્રીયદુનાથજીના ત્રણે બાળકોએ શ્રીગોકુલનાથજીને વિનંતી કરી કે અમારા પિતૃચરણ તરફથી શ્રીઠાકોરજીનું કોઈ સેવ્ય સ્વરૂપ અમને પ્રાપ્ત થયું નથી. તો આપ અમને શ્રીઠાકોરજી પધરાવી આપો.

ત્યારે શ્રીગોકુલનાથજીએ ત્રણે બાળકોને ત્રણ સ્વરૂપ પધરાવી આપ્યાં. સૌથી મોટા પુત્ર શ્રીમધુસૂદનજીને શ્રીકલ્યાણરાયજી, શ્રીરામચંદ્રજીને શ્રીમદનમોહનજી અને શ્રીજગન્નાથજીને શ્રીગોપાલલાલજી પધરાવી આપ્યા. ત્યારથી શ્રીગોપાલલાલજીની સેવા શ્રીજગન્નાથજીના વંશમાં થતી આવી છે. હાલ આપ કાશીમાં શ્રીજીવણજી મહારાજની હવેલીમાં બિરાજે છે. શ્રીમુકુંદરાયજી પણ આ ગોપાલ મંદિરમાં જ બિરાજે છે.

આ બંને સ્વરૂપોને આપણા સાષ્ટાંગ દંડવત પ્રમાણ.

◆

## નદભવનના આગણિયામા

નંદભવનના આંગણિયામાં બાળક રમતું જોયું રે,
શ્યામવરણ શ્રીઅંગ મનોહર પીતવસન મન મોહ્યું રે.... ટેક૦

શ્રીકરમાં માખણનો લોંદો, ભાંખડિયા ભર ચાલે રે,
તન લપટાવે મુખમાં મેલે વળી લપેટે ગાલે રે.... નંદભવનના૦

નાનાં નાનાં ડગલા ભરતા વારંવારે પડતા રે,
પોતાનું પ્રતિબિંબ નિહાળી સંભ્રમ સાથે રડતા રે.... નંદભવનના૦

જ્યાં દધિમંથન કરે જશોદાજી, તેની પાસે આવે રે,
મા મા મુજને માખણ આપો, સાદ કરી બોલાવે રે.... નંદભવનના૦

પુત્ર સ્નેહ ભરાણાં જનની, હસતાં ખોળે લીધા રે,
માખણ મિસરી મોદક નાના બાળકના કર દીધા રે.... નંદભવનના૦

રૂમઝુમ કરતાં લાડકવાયા પારણિયે જઈ બેઠા રે,
'કુમુદિની' મેવા લઈ આવે, હરિને લાગે મીઠા રે.... નંદભવનના૦

## બાલુડા બાલકૃષ્ણ જોઈને

બાલુડા બાલકૃષ્ણ જોઈને;
આ મન મોહ્યું બાલુડા બાલકૃષ્ણ જોઈને,

આજ ગઈ હતી નંદ ભવનમાં,
સુધ બુધ સાન આવી ખોઈને... આ મન૦

રાત દિવસ મને રટણ લાગ્યુ એનું,
કહેવાતું નથી દુઃખ કોઈને... આ મન૦

ખાન પાન ગાન તાન કશું નથી ગમતું,
ઘરમાં ફરું છું ઘેલી થઈને... આ મન૦

'લાલાલહેરી'ને ઘણી થઈ છે આતુરતા,
દર્શન વિના રહું રોઈને... આ મન૦

---

## ● ભેટપુસ્તકના મનોરથી વૈષ્ણવો ●

ગો.વા. અ.સૌ. સરોજબેન પ્રતાપસિંહ દાવડીયા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. મંજુલાબેન સુમનચંદ્ર શાહ, વીલેપાર્લે, મુંબઈના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. કપીલાબેન અરવિંદભાઈ શાહ, ગાંધીનગરના જયશ્રીકૃષ્ણ.
અ.સૌ. તરૂબહેન કે. તલાટી, ગાંધીનગરના જયશ્રીકૃષ્ણ.
અનસૂયાબેન દિનેશકાંત દેસાઈ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.
શ્રી વ્રજમોહન લલ્લુભાઈ આણંદજીવાલા, વલસાડના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. જશુમતીબેન વ્રજમોહન આણંદજીવાલા, વલસાડના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. કુંવરબેન વિઠ્ઠલભાઈ ભુવા, મોવિયાના જયશ્રીકૃષ્ણ.
રાધિકાબેન જયંતિલાલ મોરજરીયા, લંડનના જયશ્રીકૃષ્ણ.
ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જામુલીયાના જયશ્રીકૃષ્ણ.
એક વૈષ્ણવ, થાણાના જયશ્રીકૃષ્ણ.
હર્ષા, હિતેષ, આશર, મુંબઈના જયશ્રીકૃષ્ણ.
એક વૈષ્ણવ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. સોની પરસોત્તમદાસ મકનજી ધીણોજા, હ. શ્યામસુંદરના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. સોની અંબાબેન પરસોત્તમદાસ ધીણોજા, હ. ભગવતના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. સોની જમનાદાસ પરસોત્તમદાસ ધીણોજા, હ. દિનેશના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. સોની કાશીબેન જમનાદાસ ધીણોજા, હ. મનહરના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. સોની દ્વારકાદાસ પરસોત્તમદાસ ધીણોજા, હ. ગોપાલના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. સોની કાન્તાબેન દ્વારકાદાસ ધીણોજા, હ. નલીનના જયશ્રીકૃષ્ણ.
પ. ભ. સોની કાન્તીલાલ પરસોત્તમદાસ ધીણોજા, હ. મનોજના જયશ્રીકૃષ્ણ.
પ. ભ. સોની મુક્તાબેન કાન્તિલાલ ધીણોજા, હ. નીરબેનના જયશ્રીકૃષ્ણ.
ગો.વા.પ.ભ. ગજરાબેન જેઠાલાલ (બાવળાવાળા) તથા દ્વારકેશ, પ્રેરણા, કંદર્પ, કૃપા, વડોદરાના જયશ્રીકૃષ્ણ.
જગદીશ ફૂડ્સ પ્રા. લી., વડોદરાના જયશ્રીકૃષ્ણ.
ગો.વા. કમળાબેન મણીભાઈ શાહ તથા વિનોદ, રંજન, ખુશ્બુ, પ્રણવ, વડોદરાના જયશ્રીકૃષ્ણ.
એક વૈષ્ણવ, મહેસાણાના જયશ્રીકૃષ્ણ.
મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર, અમદાવાદના જયશ્રીકૃષ્ણ.
જગજીવનદાસ રૂગનાથ મહેતા પરિવાર, મુંબઈના જયશ્રીકૃષ્ણ.
શ્રીમતી કુસુમબેન અરુજીસ અને શ્રી બકુલાબેન એમ. પટેલ, મુંબઈના જયશ્રીકૃષ્ણ.
સ્વ. પુષ્પાબેન અમૃતલાલ દોશી, હસ્તે અમૃતલાલ દોશી, મારગો-ગોવાના જયશ્રીકૃષ્ણ.
ઈન્દુબેન હરિવલ્લભદાસ શાહ પરિવાર, વડોદરાના જયશ્રીકૃષ્ણ.
સુરેન્દ્રભાઈ, કુમુદ, પ્રિયેશ, કૃપા, મિલન તથા પરમ ઠકરાર (યુ. કે.)ના જયશ્રીકૃષ્ણ.
શાહ રમાકાન્ત ચુનીલાલ તથા ગો.વા. જયાબેન રમાકાન્ત શાહ પરિવાર, વડોદરાના જયશ્રીકૃષ્ણ.